પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૪૫ | ૧૬ નવેમ્બર, ૨૦૧૮, શુક્રવાર; કારતક સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# દેશમાં ૭ આતંકીઓ ઘૂસ્યાની આશંકા

**દેશમાં આતંકી હુમલાનું એલર્ટ : પાક.બોર્ડરથી પંજાબમાં જૈશ-એ-મોહમ્મદના આતંકીઓએ ભારતમાં ઘૂસણખોરી કરી : આતંકીઓ દિલ્હી તરફ રવાના થયા હોવાની આશંકા, મોટા હુમલાને અંજામ આપે તેવી શક્યતા,પંજાબમાં સંઘના મોટા નેતાઓ ખાલી સ્થાનોને આતંકીઓ નિશાન બનાવે તેવી સંભાવના**



ન્યુ દિલ્હી,તા.૧૫

ગન પોઈન્ટ પર ઈનોવા કારની લૂંટ બાદ જાસુસી એજન્સીએ જૈસએ મહોમ્મદના સાત આતંકવાદીઓ પંજાબમાં ઘુસ્યા હોવાની સંભાવના વ્યકત કરી છે. કાઉન્ટર ઈન્લીજન્સના આઈજીએ પંજાબના બધા જ ડીજીપી, આઈજીપી, કમિશનરને પત્ર લખી આ અંગેની જાણ કરી છે.

પંજાબ પોલીસ ઈન્ટેલિજન્સના ઈનપુટ પ્રમાણે જેશ એ મોહમ્મદના ૬-૭ આતંકવાદી પંજાબમાં ઘૂસી ગયા છે, જેના કારણે સમગ્ર રાજ્યમાં પોલીસ ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી તપાસ હાથ ધરી છે, ખૂફિયા વિભાગના ઈનપુટ પ્રમાણે આતંકી ફિરોઝપુરની આસપાસ હોવાનું કહેવામાં આવી રહ્યું છે. હાલ સમગ્ર રાજ્યમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

પંજાબનો ફિરોઝપુર જિલ્લો પાકિસ્તાનની બોર્ડર નજીક આવેલો છે, અને માનવામાં આવી રહ્યું છે કે આતંકી ઘુસણખોરી કરી આ વિસ્તારમાં પ્રવેશી ચૂક્યા છે, ખૂફિયા વિભાગ પાસે ઈનપુટ મળ્યા છે કે આતંકવાદીઓ દિલ્હી જવાનો પ્રયાસ કરી રહ્યાં છે, બુધવારે પંજાબના પઠાનકોટના મોધોપુરમાં ચાર સંદિગ્ધો દ્વારા એક કાર લૂંટી લેવામાં આવી છે, આ ઘટનાને પોલીસ આતંકી ગતિવિધિ સાથે જોડી રહી છે અને તે દિશામાં તપાસ કરી રહી છે. માનવામાં આવી રહ્યું છે કે આ આતંકી

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**શ્રીલંકાની સંસદમાં ઘમાસાહ**

શ્રીલંકાના વડાપ્રધાન મહિંદા રાજપક્ષેએ દાવો કર્યો છે કે ધ્વનિમતથી તેમને પદ પરથી હટાવવાનો તેમને કોઈ અધિકાર નથી. આ વાત રાજપક્ષેએ તેમના વિરુધ્ધ મંગળવારે પાસ થયેલા પ્રસ્તાવ વિશે કહી ત્યાર પછી શ્રીલંકાની સંસદમાં સાંસદો વચ્ચે મારામારી થઈ હતી.

**બ્રેકિઝટ મંત્રી પદેથી ડોમિનિક રાબનું રાજીનામું**

બ્રિટનના પ્રધાનમંત્રી ટેરેસા મેને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. યુરોપિયન સંઘથી અલગ થવા બાબતે પ્રસ્તાવિત સમઝોતાને લઈને ડોમિનિક રાબે બ્રેકિઝટ મંત્રી પદેથી રાજીનામું આપી દીધું છે.

**રાજસ્થાનમાં ચાર મંત્રીઓની ટીકીટ કપાઈ**

ભાજપે રાજસ્થાનની વિધાનસભા ચૂંટણી માટે બીજી યાદી જાહેર કરી છે. જેમાં ચાર મંત્રીઓ અને અન્ય ૪૩ વિધાનસભ્યોના નામ નથી. પાર્ટી બદલીને ભાજપમાં જોડાયેલાઓને ફટાફટ ટીકીટ મળી રહી છે.

**વૈજ્ઞાનિકોએ સુપર-અર્થ શોધી કાઢ્યો**

વૈજ્ઞાનિકોને મોટી સફળતા મળી છે. વૈજ્ઞાનિકોએ સુપર-અર્થ ખોળી કાઢ્યો છે, જે સૂર્યથી સૌથી નજીક કક્ષામાં સ્થિત છે. બરફની જેમ દેખાતો આ 'સુપર અર્થ' પૃથ્વીથી લગભગ ૬ પ્રકાશ વર્ષ દૂર છે. વૈજ્ઞાનિકોનું એવુ માનવુ છે કે ખગોળવિદ સૌરમંડળથી અલગ આ દુનિયા અંગે નવી માહિતી એકત્રિત કરી શકશે.

## મહારાષ્ટ્રમાં મરાઠા અનામત માટે ૧લીએ જાહેરાતના સંકેતો

**ફડનવીસ સરકારે સંકેત આપતા ખુશીનું મોજુ**

મુંબઈ, તા. ૧૫

મહારાષ્ટ્ર સરકાર ટૂંક સમયમાં જ મરાઠા સમુદાયના લોકોને અનામત આપવાની જાહેરાત કરી શકે છે. એમ માનવામાં આવે છે કે, પહેલી ડિસેમ્બરના દિવસે પ્રદેશના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ પોતે આની જાહેરાત કરી શકે છે. આનો સંકેત પણ ફડનવીસે પોતે જ આપ્યો છે. મુખ્યમંત્રીએ કહ્યું છે કે, પહેલી ડિસેમ્બરના દિવસે ઉજવણી કરવાની તૈયારી કરી લેવાની જરૂર છે. પછાત વર્ગ પંચના રિપોર્ટ બાદ રાજ્યની ફડનવીસ સરકાર સંકેત આપી રહી છે કે, પહેલી ડિસેમ્બરના દિવસે મરાઠા અનામત માટેની જાહેરાત કરવામાં આવી શકે છે. પ્રદેશના પછાતવર્ગ પંચે મરાઠા અનામતને લઈને અહેવાલ ગુરુવારના દિવસે મુખ્ય સચિવને આપી દીધો છે. અહેમદનગરમાં એક રેલી દરમિયાન દેવેન્દ્ર ફડનવીસે કહ્યું હતું કે, અમને લઘુમતિ પંચ તરફથી મરાઠા અનામતને લઈને અબહેવાલ મળી ચુક્યો છે. પહેલી ડિસેમ્બરના દિવસે ઉજવણી કરવાની તૈયારી કરી લેવામાં આવે તે સમય છે. આ વર્ષે જુલાઈ મહિનામાં રાજ્યમાં મરાઠા આંદોલનને લઈને હિંસા થઈ હતી. અનામતને લઈને આંદોલન વેળા તોફાનો થયા હતા. ત્યારબાદ ઓગસ્ટ મહિનામાં ફડનવીસ સરકારે અનામતને લઈને રચનાત્મક પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે, રાજ્યના જુદા જુદા ક્ષેત્રોના નેતાઓ સાથે બેઠક થઈ છે. મરાઠા સમુદાયને કાયદાકીયરીતે અનામત આપવા એક સંયુક્ત નિવેદન પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકાર મરાઠા અનામતને લઈને અનામતની તરફેણમાં છે. ટૂંક સમયમાં જ નિર્ણય કરવામાં આવશે. ૨૫મી જુલાઈના દિવસે મુંબઈમાં બંધ દરમિયાન હિંસા થઈ હતી.



# સબરીમાલા મામલે સર્વપક્ષીય બેઠક ફલોપ

**સરકાર મક્કમ : મંદિરમાં તમામ વયની મહિલાઓના પ્રવેશને લઇને બેઠક : પોતાના ચુકાદાને અમલી કરવા માટે વધારે સમય માટેની માંગ કરવા ભાજપ અને કોંગ્રેસ દ્વારા સરકાર સમક્ષ માંગણી : બંને પાર્ટી દ્વારા વોકઆઉટ કરાયો**

થિરુવનંતપુરમ, તા. ૧૫

સબરીમાલા મંદિરના પ્રવેશ દ્વાર ખુલવા આડે ૨૪ કલાકથી પણ ઓછો સમય રહ્યો છે ત્યારે આ પ્રશ્નને લઈને કેરળમાં નવો સંગ્રામ છેડાઈ ગયો છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ પણ સબરીમાલા મંદિરમાં આ વખતે મહિલાઓ પ્રવેશ કરી શકશે કે કેમ તેને લઈને પ્રશ્ન છેડાયેલો છે. ગુરુવારના દિવસે મંદિરમાં દરેક વયની મહિલાઓના પ્રવેશનો લઈને બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠક ફલોપ સાબિત થઈ હતી. કોંગ્રેસ અને ભાજપે સર્વપક્ષીય બેઠકનો બહિષ્કાર કર્યો હતો. બંને પક્ષોએ કહ્યું હતું કે, સરકારે સુપ્રીમ કોર્ટ પાસેથી પોતાના ચુકાદાને લાગૂ કરવા માટે વધારે સમય માંગે તે જરૂરી છે. બંને પક્ષોએ વોકઆઉટ કર્યો હતો. બીજી બાજુ કેરળ સરકારે સુપ્રીમ કોર્ટના આદેશને પાળવાને લઈને કટિબદ્ધતા દર્શાવી હતી. કેરળના મુખ્યમંત્રી વિજયને મંદિરમાં મહિલાઓના પ્રવેશની ખાતરી કરવા માટે કેટલાક નિયમ બનાવવાના સંકેત આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે ૨૮મી સપ્ટેમ્બરના દિવસે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે, તમામ વયની મહિલાઓને સબરીમાલા મંદિરમાં પ્રવેશ આપવામાં આવે તે જરૂરી છે. મહિલાઓની એન્ટ્રીને લઈને કેરળ

● અનુસંધાન પાન-૭ પર

# મ્યાનમારમાં પુનઃ સર્જિકલ સ્ટ્રાઈક કરવાની તૈયારી

**બળવાખોરોના અનેક કેમ્પોને ફુંકી મરાશે : મ્યાંનમારના કોનયાંકમાં બળવાખોરોના અનેક કેમ્પો હાલ સક્રિય થયેલા છે : મ્યાંનમારા દ્વારા માહિતી બાદ સ્ટ્રાઇક**



નવી દિલ્હી,તા. ૧૫

મ્યાંનમારમાં બળવાખોરોના કેમ્પોનો સફાયો કરવા માટે ભારતીય સેના ફરી એકવાર સર્જિકલ સ્ટ્રાઈક કરવાની તૈયારી કરી રહી હોવાના હેવાલ મળી રહ્યા છે. ઈન્ટેલિજન્સ સુત્રોના કહેવા મુજબ મ્યાંનમાર આર્મીએ એનએસસીએન (કે)ની સામે ઓપરેશન હાથ ધરવાની તૈયારી કરી છે. બળવાખોર સંગઠનના બળવાખોરો મ્યાંનમારના કોનયાંક પ્રદેશમાં બેઝ બનાવી ચુક્યા છે અને જોરદાર રીતે સક્રિય થયેલા છે. આ વિસ્તાર નાગાલેન્ડ સાથે જોડાયેલ હોવાથી ખતરો રહે છે. ઈન્ટેલિજન્સ સુત્રોએ કહ્યુ છે કે મ્યાંનમાર આર્મી બળવાખોર કેમ્પોના ફોટો અને અન્ય માહિતી ભારતીય સેનાને આપનાર છે. ભારતીય સેનાને પુરતી માહિતી મળી ગયા બાદ બળવાખોરોના કેમ્પોને ફુંકી મારવા માટે કાર્યવાહી કરનાર છે. વર્ષ ૨૦૧૫માં મ્યાંનમારમાં ભારતીય સેનાએ જોરદાર રીતે કાર્યવાહી કરી હતી. કેમ્પો પર સર્જિકલ સ્ટ્રાઈક કરીને

● અનુસંધાન પાન-૭ પર

# સંસદનું શિયાળુ સત્ર ૧૧ ડિસેમ્બરથી

ન્યુ દિલ્હી,તા.૧૫

સંસદનું શિયાળુ સત્ર ૧૧ ડિસેમ્બરથી શરૂ થવા જઈ રહ્યું છે, જે આઠ જાન્યુઆરી ૨૦૧૯ સુધી ચાલશે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે આ જાણકારી આપી હતી. આ સત્રમાં રામ મંદિર પર બિલ લાવવાની અટકળો લગાવાઈ રહી છે. લોકસભા ચૂંટણી પહેલા મોદી સરકાર પર રામ મંદિર પર સંસદમાં કાયદો લાવવાનું ઘણુ દબાણ છે. સાધુ-સંતો અને આરએસએસ સહિત કેટલાક હિંદુવાદી સંગઠનોએ આ સંબંધમાં મોદી સરકારને અલ્ટીમેટમ આપેલ છે.

**ત્રિપલ તલાક સહિતના અનેક લટકાયેલા બિલને પાસ કરાવવા મોદીની અગ્નિપરીક્ષા : રામ મંદિર પર કાયદો લાવશે મોદી સરકાર?**

મંત્રિમંડળના સંસદીય મામલાઓની સમિતિએ સંસદના શિયાળુ સત્ર ૧૧ ડિસેમ્બરથી ૮ જાન્યુઆરી સુધી બોલાવવાની ભલામણ કરી છે. આ પહેલા મંગળવાર રાત્રીના કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહની અધ્યક્ષતાવાળી ઝઝૅછની બેઠક તેમના નિવાસસ્થાને થઈ અને સંસદ સત્રની તારીખ પર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો છે.

આગામી લોકસભા ચૂંટણીથી પૂર્વ નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારનું આ અંતિમ પૂર્ણ સંસદીય સત્ર હશે. સંસદના શિયાળુ સત્ર સામાન્ય રીતે નવેમ્બરમાં શરૂ થાય છે, પરંતુ આ સતત બીજુ વર્ષ છે, જ્યારે શિયાળુ સત્ર ડિસેમ્બરમાં શરૂ થશે. પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના કારણે આ વર્ષે સત્રમાં મોડુ થયું છે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



દિપાવલી અને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ
અતિઆધુનિક મશીનરી અને ટેકનીશીયનોથી સજ્જ તેમજ અદ્ભૂત ટેકનોલોજી ધરાવતું પાટનગરનું એકમાત્ર ઓફસેટ ...
● ફાઇવ કલરઓફસેટ પ્રિન્ટીંગ મશીન ● ફોર કલર ઓફસેટ પ્રિન્ટીંગ મશીન.
મેહુલ પટેલ - ૯૬૩૮૧ ૮૩૮૩૮
રમેશ પટેલ - ૯૮૨૫૦ ૩૮૩૭૮
કેપિટલ ઓફસેટ
Capital Offset®
AN ISO 9001 : 2008 CERTIFIED COMPANY
દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
● મેગેઝીન, બ્રોશર ● ન્યુઝ લેટર, લીફ્લેટ ● સોવેનીયર
● પેમ્ફલેટ, લેટરપેડ ● કોફીટેબલ બુક્સ ● મલ્ટીકલર ડીઝીટલ પ્રિન્ટ
● વાર્ષિક રીપોર્ટ ● ઈન્વિટેશન કાર્ડ ● ગ્રાફિક્સ ડીઝાઈનીંગ
રજી.ઓફિસ : પ્લોટ નં. ૮૦૧/૧,૨, જીઆઈડીસી એન્જિનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર-૩૮૨૦૨૮. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
ડિઝાઈન યુનિટ : ૬૦૩, ૬૦૪ ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની બાજુમાં, રાધે સ્વીટ્સની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર મો. ૯૯૨૫૨૩૫૪૫૮ / ૫૯, ૯૬૩૮૧૮૩૮૩૮, ફોન : ૦૭૯-૨૩૨૪૩૬૨૩
capitaloffsetgujarat@gmail.com
www.capitaloffset.in